












## "કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીની વિદ્યાર્થીનીઓ દ્વારા યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી તેમજ અન્ય અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી"

રક્ષાબંધનનો તહેવાર એ ભાઈ-બહેન વચ્ચેના અનોખા પ્રેમ અને લાગણીનો તહેવાર છે. ભાઈ-બહેનના આવા રક્ષાબંધનના મહત્વના તહેવારને વધુ ખાસ અને સાર્થક બનાવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીની કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી ની વિદ્યાર્થીનીઓ દ્વારા રક્ષાબંધનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે.

કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીની વિદ્યાર્થીનીઓ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિતે પોતાના હાથથી **તુલસી કાષ્ઠના પારામાંથી** રાખડીઓ બનાવવામાં આવેલ. **તુલસી** એક પવિત્ર છોડ છે, જે તેના આધ્યાત્મિક, ઔષધીય અને પર્યાવરણીય ગુણધર્મો માટે આદરણીય છે. અત્રેની કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા તા.૩૦.૦૮.૨૦૨૩ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી ના માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયા તેમજ યુનિવર્સિટી ના અન્ય અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને રાખડી બાંધીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી.